# કહેવતો

## ગુજરાતી ભાષાનું ઘરેણું

સંકલન

પ્રા.રેખાબેન ગુંજારિયા

# એમ.એમ.ઘોડાસરા મહિલા કોલેજ-જૂનાગઢ

# મા વિષયક કહેવતો





- મા તે મા બીજા બધા વગડાના વા.
- ઘણું ખવરાવી થોડું કહે તે મા.


- માવતર ગલઢા થાય, તેના હેત ગલઢા ન થાય.
- મોસાળે જમવાનુંને મા પીરસનાર.

- ઘોડે ચડતો બાપ મરજો પણ દરણું દળતી મા ન મરજો.
- મા બાપનો સાથ એને કોઈ ન દે હાથ.

- મા મૂળોને બાપ ગાજર.
- મા કરતાં વધારે હેત દેખાડ ઈ ડાકણ.

# દીકરી






- માટી તેવી ઠીકરી, મા તેવી દીકરી
- દીકરીને ગાય ફાવે ત્યાં જાય, ભાવે તે ખાય.

- દીકરાના પાડની દીકરી.
- છાશને છોકરી માગવામા શરમ નહીં.

- દીકરી વાળું ઘરને બોરડી વાળું ખેતર.
- ખીચડી હલાવી બગડેને દીકરી લડાવી બગડે.

# દીકરો



- ઘેલો તો પણ પેટનો દીકરો.
- કમાઉ દીકરો સહુને વહાલો.

- દીકરાને આવી મૂછ, બાપને નહીં પૂછ.
- દળનારીના દીકરાને નામ પાડયું સિકંદર.

# સાસુ સસરા



- સાસુ ગઈ શિવરાત, વહૂને આવી નવ નિરાંત.
- જુવાન સાસુ મરે નહીંને વહૂનો દહાડો વળે નહીં.

- દમડી કી રાઈ, સાસુ વહૂની રોજ લડાઈ.
- સાસુને પગે પડી તો કહે ઠાયૉ તેવા ઠરજોને  બાળ્યા તેવા બળજો.

- સસરે કી ગાડી, સાલે કા બૈલ, બંદા કરે સહેલ.
- નફ્ફટ સસરો, નિલજ વહુ, આવો
- સસરા કહાની કહું.
- કઠેકાણે ગુમડું ને સસરો વૈદ્ય.



- ઘર જાણે પાડોશીને, કુળ જાણે વેવાઈ.
- વેવાઈ તેવા વિવાહ.
- વેવાઈને ગાળ વિવાહમાં દેવાય.
- જમાઈ દશમો ગ્રહ.

પહેલો મૂરખ તે ઠેકે કૂવો,
બીજો મૂરખ તે રમે જૂઓ.
ત્રીજો મૂરખ તે બેન ઘેર ભાઈ,
ચોથો મૂરખ તે ઘર જમાઈ.

# ભાઇ ભાભી

- ભાઈ થાય નોખો એનો શો ધોખો.
- ભાઈ ભાઈ કરકે સારી કમાઈ ખોઈ
- ચોરનો ભાઈ ઘંટી ચોર.
- ગરીબની બાયડી સૌની ભાભી.

# વર-વધુ





- વર મરો કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો.

- નબળો ધણી બૈરી પર શૂરોપૂરો.

- આણું કરવા ગયોને વહૂને ભૂલી આવ્યો.
- છાશમાં માખણ જાયને વહૂ ફૂવડ કહેવાય.
-

- દિ પ્રમાણે દીકરોને વેળા પ્રમાણે વહૂ.

સહુ ગયા સગવગેને  વહૂ રહી ઉભે પગે.

"વઢકણી વહૂને દીકરો જણ્યો.

- મીયાં બીબી રાજી તો કયા કરેગા કાજી?
- ગાય લેવી દૂઝતીને વહૂ લેવી શોભતી.
- જાજી જાનમા વહૂ બદલાણી.

કાકા-કાકી

- કાકા દીઠા કુટુંબ દીઠું.
- કાકો એ તો મારા બાપનો ભાઈ
- કાકી એ તો પારકી જાઈ.

- કાકા અજમેર ગયા છે,કાકી કપોટે છે.
- કાકા કયાં તો કહે ઠેરના ઠેર.
- કમનસીબે મળ્યો કાકો તે કામમાં વાંકો.

# કન્યા



- ડાહી બાઈને તેડાવોને ખીરામાં મીઠું નખાવો.

- વાંઢાને કન્યા જોવા ન જવાય.
- કરજ, કન્યા અને કારભાર કરગરવાથી ન મળે.

- હું પહોળીને શેરી સાંકળી.
- જણનારીમાં જોર ન હોય તો સુયાણી શું કરે?

- ન મળી નારી એટલે બાવા બ્ર્હ્મચારી.
- સ્ત્રી રહે તો આપથી ને જાય તો સગા બાપથી.

- બિલાડીના પેટમા ખીર ન ટકે, બૈરાંના પેટમાં વાત.
- સતિ શાપ આપે નહીં ને શંખણીના શાપ લાગે નહીં.

# શાકભાજી



- જોગીને વહાલા તૂંબડા ને ભોગીને વહાલા ભોગ.
- પોથીમાના રીંગણા.

- રામ રામ તો કહે રીંગણા.
- પેટમાં તાંદળજોય  છબતો નથી.

- બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી.
- ચીભડાના ચોરને ફાંસીની સજા.
- બ્રાહ્મણ હાથી ઉપર બેઠો હોય તોય મૂળા,આદુ માટે હાથ ઘરે.

- ગઢમાં ગાજર ન ખવાય,કાં ફેંકી દે કાં મને દે.
- કેરડાનું અથાણું ને એમાં કાપે શું કરડે શુ?


આભાર